# ખુદપસંદી

# عُجُب

## પોતાને મહાન—ઉચ્ચ ગણવું

## SELF-IMPORTANCE

## "I AM SOMETHING"

<u>: સંદર્ભ :</u>

મેઅ્રાજુસ્સઆદહ, ગુજરાતી, ભાગ : ૧

<u>:ઈ—પબ્લીશર:</u>

www.hadilibrary.org

<u>:ઈ—આવૃતિ:</u>

ફેબ્રુઆરી—૨૦૧૮

# અનુક્રમણિકા

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

Contents

અનુક્રમણિકા........................................ 2

૧. ખુદપસંદી એટલે શું? ........................... 3

૨. ખુદપસંદી અને અભિમાનનો તફાવત ........... 3

૩. ખુદપસંદીના નુકસાન ............................ 6

૪. ખુદપસંદીનો ઈલાજ .......................... 13

૫. પોતાની જાતને હકીર (તુચ્છ) જાણવા વિષે .... 42

## ૧. ખુદપસંદી એટલે શું?

'કુવ્વતે ગઝબીય્યહ'માંથી ઉત્પન્ન થતી આ સિફતનું નામ 'ઉજ્બ' છે. 'ઉજ્બ' એટલે પોતાની પાસે કાંઈ દૌલત, તાકત કે નેઅમત હોવાના કારણે પોતાને મહાન સમજે, પછી એ કમાલ તેનામાં હોય કે ન હોય, પણ પોતે સમજતો હોય, તો તેને 'ઉજ્બ' કહે છે.

અમુક એમ કહે છે કે, કોઈ સિફત કે નેઅમત ઈન્સાનની પાસે હોય તેના કારણે પોતાને મહાન સમજે, પણ તેના આપનારને ભૂલી જાય, તો તે 'ઉજ્બ' છે.

## ૨. ખુદપસંદી અને અભિમાનનો તફાવત

તકબ્બુર (અભિમાન) અને 'ઉજ્બ' (ખુદપસંદી, ગર્વ, હુંપદ)માં ફર્ક છે. જોકે આપણે સામાન્ય

વાતચીતમાં આ ચાર ગુજરાતી શબ્દો (અભિમાન, અહંકાર, ગર્વ અને હુંપદ) એક જ અર્થમાં લઈએ છીએ, પરંતુ અરબી ભાષામાં થોડા–થોડા અર્થ ફેરે શબ્દો બદલાતા રહે છે. આથી મોટા ભાગે મૂળ અરબી ભાષાના શબ્દોનો જ ઉપયોગ કરીશું:

## તકબ્બુર

(એ) 'તકબ્બુર' એને કહેવામાં આવે છે કે, પોતાને બીજા કરતા મહાન અને પોતાનો મરતબો બીજા કરતા ઉચ્ચ સમજે.

## ઉજ્બ

(બી) 'ઉજ્બ' એ અર્થમાં છે કે ' ઉજ્બ'ની સીફત ધરાવનાર બીજા કરતા પોતે મહાન છે, એમ નથી સમજતો, તેને બીજા સાથે કશું લેવા–દેવાનું નથી હોતું, એ તો માત્ર પોતાને મહાન સમજીને ખુશ રહે છે.

## આ ઉજ્બ નથી

કોઈને કશી નેઅમત મળી હોય કે સારી સિફત પ્રાપ્ત થઈ હોય અને તે એના કારણે ખુશ થતો હોય પણ સાથે એમ પણ સમજતો હોય કે, આ ખુદા તરફથી છે, તે જ્યારે ચાહશે, પાછી લઈ શકે છે. આ નેઅમત તો તેણે માત્ર પોતાની મહેરબાનીથી મને આપી છે. મારો તેના ઉપર કશો હક ન હતો. એમ સમજે અને નેઅમત ઉપર ખુશ પણ થાય, તો તે 'ઉજ્બ' કહેવાશે નહિં.

## આ તો ઉજ્બ કરતા પણ વધુ ખરાબ છે

પરંતુ પોતાને મળેલ નેઅમત વિષે એમ સમજે કે, ખુદા ઉપર મારો હક હતો અને તેણે એ નેઅમત અતા કરી છે. ઉપરાંત ખુદા એ પાછી લઈ શકે એની ખાતરી ન રાખે અને પોતાના અમલના સબબથી કરામતની ઉમ્મીદ રાખે, તે એ 'ઉજ્બ' કરતા વધુ ખરાબ છે.

## ૩. ખુદપસંદીના નુકસાન

### ઉજ્બ હલાક કરનારી સિફત છે

આ સિફતે ખબીસા પણ અતિ ખરાબ અને બહુ જ બદ છે. હઝરત રસૂલેખુદા(સ.)એ ફરમાવ્યું છે કે, ત્રણ ચીજો હલાક કરનારી છેઃ (૧) બખીલી કે તેને અનુસરવું (૨) મનોવિકારને આઘીન થવું (૩) પોતાને મહાન સમજી 'ઉજ્બ' કરવો. આ ત્રણ સિફતો કોઈમાં જુઓ, તો તેનાથી પોતાને સાચવજો અને તેઓનો સહવાસ (સંગાથ) કરશો નહિં.

### ઉજ્બને લીધે શેતાન ઈન્સાન ઉપર હાવી થઈ જાય છે

એક દિવસ હઝરત મુસા નબી બેઠા હતા, ત્યાં શૈતાન આવ્યો. એ વખતે તેના માથા ઉપર જુદા–જુદા રંગના વાળની ટોપી હતી. તેણે એ ટોપી

કાઢીને હઝરત મુસા નબીને સલામ કરી અને પછી ઉભો રહ્યો.

જનાબે મુસાઃ 'તું કોણ છો?'

શૈતાનઃ 'હું ઈબલીસ છું. ખુદા પાસે તમારો મરતબો મહાન છે, તેથી હું તમારી સલામીએ આવ્યો છું.'

જનાબે મુસાઃ 'આ ટોપી કેવી છે?'

શૈતાનઃ 'આ તો હઝરત આદમની ઔલાદના દિલોને આકર્ષવાનું હથિયાર છે!'

જનાબે મુસાઃ 'એવો કયો ગુનાહ છે કે જેના કરવાથી ઈન્સાન ઉપર તું ચડી બેસે છે?'

શૈતાનઃ 'ઈન્સાન જયારે ઉજ્બ કરે, તેણે કરેલી ઈબાદતો તેના નજરે મહાન અને ગુનાહો તુચ્છ દેખાય, તે વખતે હું તેના ઉપર ગાલીબ થઈ જાઉં છું.'

## સારો કાર્યો ખુદપસંદીનું કારણ ન બને

એક વાર હઝરત દાઉદ(અ.) પર વહી નાઝીલ થઈ કે, 'ગુનેહગારોને ખુશખબરી આપો અને સીદ્દીકોને ડરાવો.'

હઝરત દાઉદ(અ.)એ આશ્ચર્યની સાથે અરજ કરી કે,'માલિક! ગુનેહગારોને શી ખુશખબરી આપું અને સીદ્દીકોને શા માટે ડરાવું?!'

જવાબ મળ્યો: 'ગુનેહગારોને એવી ખુશખબરી આપો કે, હું તૌબા કબૂલ કરવાવાળો છું અને ગુનાહોની ક્ષમા આપું છું. સીદ્દીકોને એવી ઘમકી આપો કે, તેઓ પોતાના નેક આમાલ (સારા કાર્યો)ના કારણે 'ઉજ્બ' ન કરે, કારણ કે જો હું દરેક બંદાનો હિસાબ લઉં, તો કોઈ હલાક થયા વિના રહે નહિં!'

## ઈબાદત ખુદપસંદીનું કારણ ન બને

ઈમામ મોહમ્મદ બાકીર(અ.): એક વાર બે જણ એક મસ્જિદમાં દાખલ થયા. તેમાંથી એક આબીદ હતો અને એક ફાસીક હતો. પરંતુ જયારે તેઓ મસ્જિદમાંથી બહાર નીકળ્યા, ત્યારે જે આબીદ હતો તે ફાસીક થઈ ગયો હતો અને જે ફાસીક હતો, તે આબીદ બની ગયો હતો!

એના કારણમાં આપે ફરમાવ્યું કે, જે આબીદ હતો, તે જયારે મસ્જિમાં ગયો, ત્યારે તેને પોતાની ઈબાદત માટે 'ઉજ્બ' થયો–ગર્વ થયો કે,'ઓહો! મારી ઈબાદતો કેટલી વિપુલ છે! હું આબીદ છું!' આ કારણે તે ફાસીક થઈ ગયો. ફાસિક જયારે મસ્જિદમાં ગયો, ત્યારે તેને ખયાલ આવ્યો કે, 'મારા ગુનાહોની કોઈ હદ નથી. હું તો એક ગુનેહગાર અને ફાસીક છું.' તેણે પોતાના ગુનાહોથી તૌબા કરી, જેના પરિણામે તેનો આબિદોમાં શુમાર થયો!'

એક વખત એક આલિમ એક આબીદની પાસે આવ્યો અને તેણે આબીદને પુછયુંઃ 'તમારી નમાઝ કેવી છે?' આબીદે જવાબ આપ્યોઃ 'અરે, મારી નમાઝનું શું પુછવું, રાતોની રાતો નમાઝમાં પસાર કરી દઉં છું!'

એ પછી આલિમે બીજો સવાલ કર્યોઃ 'તમારૂં રડવું કેવું છે?' આબીદે જવાબમાં કહયુંઃ 'મારૂં રડવાનું પૂછો છો તો કહું છું કે મારી આંખોમાંથી આંસુની ધાર અવિરતપણે વહ્યા જ કરે છે!'

એના આ ઉજ્બભર્યા ગર્વિષ્ઠ જવાબો સાંભળી આલિમે તેને ઉપદેશ આપતા કહ્યુંઃ 'તારી ઈબાદત અને ખૌફે ખુદાથી તારા રૂદન ઉપર તું જે 'ઉજ્બ' (ગર્વ) કરે છે, તે કરતા ખુદાથી ડરતો રહીશ, તો એ તારા માટે બહેતર થશે!'

હકીકતમાં 'ઉજ્બ' એક બહુ મોટી બલા છે. એ નેકીને ઉધઈની જેમ ખાઈ જાય છે. શૈતાન

ફરિશ્તાઓનો ઉસ્તાદ હતો, ઈબાદતમાં પણ શુરો–પુરો હતો. એક વાર એણે બે રકાત નમાઝ એવી રીતે પઢી કે પુરી થતા ચારથી છ હજાર વર્ષ પસાર થઈ ગયા. આવો આબીદ અને આલિમ હોવા છતાં પોતાની જાતને મોટી ગણવાના કારણે એની વર્ષો સુધીની ઈબાદતો પર પાણી ફરી વળ્યું. એ રાન્દએ દરગાહ બન્યો અને ખુદાની લઅનતને પાત્ર ઠર્યો.

'ઉજ્બ' એક એવું વૃક્ષ છે, જેનું બીજ કુફ્ર છે, જેની જમીન નિફાક છે, જેને પોષણ આપનાર પાણી ફસાદ છે, જહાલત તેની ડાળો છે, ગુમરાહી તેના પાંદડા છે અને લઅનત તેનું ફળ છે.

## ઉજબને કારણે અસાધારણ શકિત જતી રહે છે

એક વાર હઝરત ઈસા નબી તેમની શરીઅતના એક નિયમ અનુસાર એક દેશથી બીજા દેશ તરફ રવાના થયા. સાથે એક ઠીંગણા કદનો સહાબી પણ

હતો. માર્ગમાં એક નદી આવી. આપ 'બિસ્મીલ્લાહ' બોલી પાણીની સપાટી પર ચાલવા લાગ્યા. સહાબીએ પણ આપનું અનુકરણ કર્યું. એણે થોડું અંતર નહિં કાપ્યું હોય, ત્યાં તો એના મનમાં 'ઉજ્બ' પેદા થયું. એને વિચાર આવ્યો કે, હઝરત ઈસા નબી 'રૂહુલ્લાહ' છે. એ પાણીની સપાટી પર ચાલી શકે છે, તો હું કયાં નથી ચાલી શકતો, તો પછી એમને કઈ બાબતથી મારા પર ફઝીલત મળી જાય છે!? આ દૃષ્ટ વિચાર આવવાની સાથે જ પાણી પર ચાલવાની એની શકિત હણાઈ ગઈ. પોતાને ડુબતો જાણી એણે હઝરત ઈસા(અ.)ને મદદ માટે અરજ કરી. આપ તેની મદદે ગયા અને તેને ખેંચીને બહાર કાઢયો. આપે તેને પાણી પર ચાલવાની શકિત આમ અચાનક જતી રહેવાનું કારણ પુછતા, એણે પોતાના દિલમાં જે વિચાર આવ્યો હતો એ જાહેર કર્યો. આપે ફરમાવ્યું: 'આવો ખોટો વિચાર

મનમાં લાવીને તે અનાચાર કર્યો છે. એટલે ખુદાનો ગઝબ તારા પર ઉતર્યો છે, માટે તને લાઝિમ છે કે તૌબા કર.' તેણે તૌબા કરી એટલે પહેલાની જેમ પાણી પર ચાલવાની શકિત એનામાં ફરીથી પેદા થઈ ગઈ.

## ૪. ખુદપસંદીનો ઈલાજ

'ઉજ્બ' પેદા થવાના ઘણા કારણો છે, જેમ કે ગુનાહ પ્રત્યે બેદરકારી, નેકી, ઈલ્મ, ઈબાદત, પરહેઝગારી, સખાવત, બહાદુરી, હસબ–નસબ (કુટુંબ–કબીલો), રૂપ, ધંધો, સશકત સગા–વહાલા અને મદદગારોની સંખ્યા.

### ઉજ્બની મઝીમ્મત કરતી હદીસો વાંચવી

'ઉજ્બ'નો ટૂંકો ઈલાજ એ છે કે માણસે ' ઉજ્બ'માં રહેલી બુરાઈને પારખવાનો પ્રયત્ન કરવો,

એની મઝીમ્મત કરતી હદીસો અને હિકાયતોને હૈયે ઉતારવી અને પોતે કેવો નાચીઝ અને તુચ્છ છે એ વાતને મનમાં વસાવવી.

## ઈન્સાન કમજોર છે એ હકીકતને જાણવી

માણસમાં પોતાની જાતને બહુ મોટી ગણવાની વૃતિ રહેલી છે તે એને જાત–વખાણ તરફ પ્રેરે છે. પણ એ જો વિચાર કરશે, તો એને જણાઈ આવશે કે વખાણને લાયક તો ખુદાએ પાકની ઝાત છે કે જે કુલ મખલુકનો ખાલિક અને માલિક છે, અઝમત (મોટાઈ) અને જલાલ (દબદબો) અને બધી બુઝુર્ગી તથા ઈઝઝત એને યોગ્ય છે અને તેને જ શોભે છે, માણસને નહિં. માણસ તો એક પામર પ્રાણી છે, નજીસ કતરામાંથી પેદા થયો છે. એની શકિત શું અને ગજુ શું? એ તો 'ઝઈફુલ બુનિયાદ' છે, કાચા ઘડા જેવું એનું ઘડતર છે, બધી બાબતોમાં લાચાર અને પરવશ છે. જોવા માટે આંખનો, કામ–કાજ

કરવા અને ચાલવા ફરવા માટે હાથ–પગનો, જીવવા માટે ખોરાક તથા પાણીનો અને બીમારીથી ઉગરવા માટે દવાનો. જો એની પાસેથી આંખ, હાથ, પગ, કાન કે રોઝી છીનવી લેવામાં આવે, તો એ શું કરી શકવાનો છે? એની હાલત તો એક એવા બાદશાહ જેવી છે, જેના પાસે પુષ્કળ લાવ–લશકર હોય. લશકર સાથ આપે, ત્યાં સુધી તો એ બળવાન છે. પણ જો લશકર એની સામે ફરી બેસે તો એની એ સત્તા શું અલોપ (અદ્રશ્ય) નહિં થઈ જાય? ઈતિહાસના પાને એવા ઘણા શહેનશાહોના દાખલા નોંધાયા છે, જેમની સત્તાનો ડંકો ચારે દિશામાં વાગતો હતો, છતાં એના લશકર અને પ્રજાએ એમની સામે બંડ કરતા એમની સત્તા અસ્ત પામી હતી અને તેમના ભૂંડા હાલ થયા હતા. ભલા આવી પરવશ હસ્તિઓને કઈ રીતે શકિતશાળી કહી શકાય? અને આવી પરવશ હસ્તિ પોતાની જાત

પર, પોતાની શકિત અને સત્તાધિકાર પર ગર્વ કરે, તો એ તેની નાદાની નહિં તો બીજું શું? માણસ આ વાતનો વિચાર કરશે, તો જરૂર 'ઉજ્બ' એના પર ગલબો પામી શકશે નહિં.

## કયામતમાં શું હાલત હશે તેનો વિચાર કરવો

કયામતના દિવસે માણસની શું હાલત થવાની છે એ વાતને માણસ હરદમ પોતાની નજર સામે રાખે, તો પણ 'ઉજ્બ'નો નશો ઉતરી જશે. એ મહાન મુસીબતના દિવસે બધા 'નફસી–નફસી' પુકારતા હશે, કોઈ કોઈનો સાથી કે મદદગાર નહિં હોય. આપણા અંગો પણ આપણા કબજામાં નહિં હોય. એ વખતે આપણને આપણી નેકી સિવાય કંઈ કામ નહિં આવે, ગુનેહગારોને ફરિશતાઓ ઘમકાવતા ઘસડીને લાવતા હશે. તેમના પર થતા અઝાબથી તેઓ બેબાકળા બની ગયા હશે. એમના પસ્તાવાનો પાર નહિં હોય. અને તેઓ પોતાની જાતને કુતરા

અને ડુક્કર કરતા પણ બદતર ગણીને એક જ ઝંખના કરતા હશે કે, 'હું માટી હોત, તો કેવું સારૂં થતે!'

આ તો જાણે વાત થઈ 'ઉજ્બ'ના ટૂંકા અને સર્વસામાન્ય ઈલાજની. હવે આપણે જુદા—જુદા કારણથી ઉપજતા 'ઉજ્બ'ના જુદા—જુદા ઈલાજોને વિગતવાર સમજી લઈએ.

## ગુનાહ પ્રત્યે બેદરકારીથી પેદા થતી ખુદપસંદી

'ઉજ્બ' કેટલીક વાર ગુનાહ પ્રત્યે માણસની બેદરકારીમાંથી પરિણમે છે. માણસ ગુનાહ કરીને ભૂલી જાય છે, ભૂલી નથી જતો તો એને નજીવા ગણી લે છે. અને પોતાના મનને મનાવી લે છે કે ખુદા એને માફ કરી દેશે. આ ભૂલ છે. ખુદા બેશક રહીમ છે અને બંદાઓના ગુનાહોને માફ કરનાર છે, પણ રહેમતનો આશરો લઈને ગુનાહ આચરવા એ કોઈ રીતે વ્યાજબી નથી. રહેમત અને માફીની ઉમ્મીદ જરૂર રાખવી, પણ સાથે—સાથે ગુનાહના કામથી પણ

એટલા જ ડરતા રહેવું એમાં જ ઈન્સાન માટે સલામતી છે.

ગુનાહ પ્રત્યે બેદરકારી બતાવવાના કારણે પેદા થતા ‘ઉજ્બ’ને દૂર કરવાનો ઈલાજ એક દાખલો આપવાથી વધુ સરસ રીતે સમજાઈ જશે.

ઘારો કે એક માણસે પોતાના હાકિમનો ગુનાહ કર્યો હોય, હાકિમના માણસોને એની જાણ થતા એને પકડીને કાચી જેલમાં પૂરી દેશે. જેલમાં આ માણસની કેવી હાલત હશે, એ તમે કલ્પી શકો છો. એ માણસના મનમાં ‘મુકદ્દમો ચાલશે, ત્યારે શું થશે?’ એના જ વિચારો ઘોળાતા હશે. હાકિમ એના પર શું વિતાવશે એને કેટલી અને કેવી સજા થશે એની ચિંતામાં જ એનું મન પરોવાયેલું હશે. ગુનાહ કરીને પોતે કોઈ મહાન કામ કર્યું છે એ વાતનો એને ખયાલ સુઘ્ઘાં નહિં આવતો હોય.

હવે આપણાથી ખુદાનો ગુનાહ થઈ જતા આપણે પણ આવું જ વર્તન કરીએ, એટલે કે આપણે દુનિયાને કાચી જેલ સમજી લઈએ અને કયામતને મુકદ્દમાની તારીખ ગણી લઈએ. તો ગુનાહમાંથી નીપજતા ‘ ઉજ્બ’થી આપણે ઉગરી શકીએ છીએ.

## ઈલ્મને કારણે પેદા થતી ખુદપસંદી

હવે ઈલ્મથી ઉપજતા ‘ઉજ્બ’ના ઈલાજનો વિચાર કરીએ.

એ તો જાણીતી વાત છે કે ઈલ્મે હકીકી (સાચું જ્ઞાન) ઈન્સાનને પોતાની જાત અને અલ્લાહની ઓળખ આપે છે. અલ્લાહની અઝમત, જલાલ તથા ઈઝઝતથી પરિચિત કરે છે. બુઝુર્ગી અને કિબ્રીયાઈને લાયક માત્ર અલ્લાહ છે, એના સિવાય બીજા બધા તુચ્છ છે એ વાતની ખરી સમજ આપે છે. જે ઈલ્મ આ ફળ આપે છે તે ‘નુરાની ઈલ્મ’

છે. એ 'ઉજ્બ'ને પ્રેરતો નથી, બલ્કે નમ્રતા અને દીનતા પ્રકટાવે છે.

જે ઈલ્મ મેળવવા પહેલા પોતાના નફસને પાક કરે છે, તેને જ આ ઈલ્મ મળે છે. નફસને પાક કર્યા વગર જે ઈલ્મ હાંસિલ કરાય છે તે ખબીસ (દૃષ્ટ) બની જાય છે, એમાંથી 'ઉજ્બ' જન્મે છે અને તે ખબાસત (દૃષ્ટતા) પ્રકટાવે છે.

હઝરત રસૂલેખુદા(સ.)એ ફરમાવ્યું છે કે, કયામતના દિવસે એક આલિમને એવી રીતે ઢ—સડીને દોઝખ તરફ લાવવામાં આવશે કે એના આંતરડા બહાર નીકળી પડયા હશે. દોઝખમાં એને ઘાણીના બળદની જેમ ગોળ—ગોળ ફેરવવામાં આવશે અને દોઝખની ચારે બાજુ તેને લઈ જવામાં આવશે કે જેથી બધા તેની હાલતને જુએ. જયારે એને પૂછવામાં આવશે કે, 'તારો આવો હાલ શા માટે થયો?' તો એ જવાબમાં કહેશેઃ 'હું લોકોને નેક

કામ કરવાનું કહેતો અને બદીથી રોકતો હતો, પણ હું પોતે નેકી કરતો નહિં કે બદીથી અટકતો નહિં.'

આ આલિમે જે ઈલ્મ મેળવ્યું તે 'ઈલ્મે ખબીસી' હતું. 'ઈલ્મે હકીકી' તો આલિમને તેની જવાબદારીનું ભાન શીખવે છે. એ જાણે છે કે આલિમ પર હુજજત વધારે છે. જાહિલ કરતા એની પુછા વધારે થશે, કારણ કે આલિમ લપસશે તો ઘણાને પોતાની સાથે ઘસડી જશે. વળી જાહિલ કરતા એના ગુનાહની માત્રા પણ વધારે હશે, કારણ કે જાણી બુઝીને કરેલા ગુનાહમાં ખબાસત વધારે છે. આથી જ તો હઝરતે ઈમામે જઅ્ફરે સાદિક(અ.)એ ફરમાવ્યું છે: 'આલિમનો એક ગુનાહ માફ નહિં થાય એટલી વારમાં તો જાહિલના સીત્તેર ગુનાહ માફ થઈ ગયા હશે.'

આના પરથી એમ નથી સમજી લેવાનું કે ઈલ્મ હાંસિલ કરવા કરતા જાહિલ રહેવું વધારે શ્રેયકર

છે. ઈલ્મ એ તો ફઝીલત છે, અને તે હાંસિલ કરવું એ માણસની ફરજ છે. જાહિલને ઈલ્મ હાસિલ ન કરવા માટે જવાબ દેવો પડશે અને સજા ભોગવવી પડશે. વળી આલિમનો દરજ્જો જાહિલથી મોટો છે, એને શફાઅતનો અધિકાર પણ મળી શકશે (આલિમની પ્રશંસા બેશુમાર છે જેનું બયાન યોગ્ય સ્થાને આગળ ઉપર કરવામાં આવશે)

આલિમના વિષે વાત કરતા અમે જે વાત પર ભાર મૂક્યો હતો એ એની જવાબદારીને લગતો હતો. હકીકતમાં આલિમને જાહિલ પર ઘણી જ ફઝીલત છે એનું કારણ એ છે કે જાહિલ ગુનાહને કદાચ ગુનાહ ન સમજે. આલિમથી ગુનાહ થશે તો એ તરત જ પસ્તાશે, તૌબા કરી ગુનાહ બખશાવી લેશે અને ગુનાહની પકડમાંથી બચી સંભવ છે કે સવાબનો હકદાર બની જાય. પણ ઈલ્મનો

ખરો લાભ નમ્રતા કેળવવાથી જ મળે છે. હદીસે કુદસીમાં છે કે, ખુદાએ ફરમાવ્યું છે કે,

‘‘માણસ જ્યાં સુધી પોતાની જાતને બેકદર સમજે છે ત્યાં સુધી અમારી પાસે તેની કદર અને મરતબો છે. જ્યારે તે પોતાને કદર –મરતબાવાળો ગણવા લાગશે, ત્યારે અમારી પાસે એની જરા પણ કદર રહેશે નહિં.’’ વધુમાં એજ હદીસમાં ફરમાવ્યું છે કે,‘‘માણસ પોતાની જાતને નાની સમજશે, તો અમે તેને મોટી પદવી આપીશું.’’

ઈલ્મ કે આવડતથી પેદા થતા ઉજ્બને ઠારવાના ઈલાજની સમજ નીચે જણાવેલી હિકાયતોથી સરસ રીતે સમજી શકાશે.

## હિકાયતઃ ૧

હુઝયફા જમાઅતની નમાઝ પઢાવતા હતા. એક દિવસે એમણે નમાઝીઓને કહ્યુંઃ ‘હું હવે પછી

નમાઝ નહિં પઢાવું. તમે હવે પછી કોઈ બીજાની પાછળ કે એકલા નમાઝ પઢી લેજો.'

લોકોએ કારણ પુછતા એમણે જણાવ્યું: 'નમાઝ પઢાવવાના કારણે મને મારી શ્રેષ્ઠતાનો વિચાર પેદા થયો, આ વિચારમાં રહેલી દૃષ્ટતાથી મને ભય લાગ્યો છે.'

આ હિકાયતથી તમે સમજી શકો છો કે, જયારે ઈલ્મના કારણે તમને ઉજ્બ થવાનો ભય થાય તો તમારે તરત જ પોતે કેવો તુચ્છ માનવી છે એ વાતનો ખ્યાલ લાવવો.

## હિકાયતઃ ૨

એક બીજી પહેલવાનની હિકાયત છે. આ પહેલવાન શુરવીરતા અને પહેલવાનીના દાવ માટે પંકાયેલો હતો, પણ એને એક અજાણ્યા પહેલવાન સાથે લડવાનો પ્રસંગ ઉભો થયો, ત્યારે એના ચહેરાનો રંગ પીળો થઈ ગયો.

કોઈએ કારણ પુછયું, ત્યારે એણે જવાર આપ્યો: ‘મારે એક અજાણ્યા પહેલવાન સાથે બાથ ભીડવાની છે. મને લાગે છે કે, એ મારા કરતા વધારે બળવાન અને કળાબાજ હશે. આ પહેલવાન ખરેખર દાનો (બુધ્ધિશાળી) હતો. એ પોતાની કળા કે બળ પર મગરૂર નહોતો. ‘શેરની માથે સવાશેર હોય છે’ એ વાત એ ભૂલ્યો ન હતો. એટલે એ સાચા અર્થમાં પહેલવાન ગણાય અને જોકે હિકાયતમાં ઉલ્લેખ નથી છતા અંતમાં એની જ જીત થઈ હશે.

આ હિકાયત બતાવે છે કે આપણે આપણા ઈલ્મ પર ગર્વ કરવાને બદલે આપણા કરતા વધારે ઈલ્મ ધરાવનારા માણસ પડયા છે, એ વાતનો ખ્યાલ રાખવો. આમ કરશું તો ઈલ્મથી ઉજ્બ પેદા નહિં થાય.

અહિં એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે અલ્લાહને આજેઝી (નમ્રતા

અને ખાકસારી) પ્યારી છે. પણ કોઈ માણસ ગમે તેટલી સબ્ર કરે, ગમે તેટલી નમ્રતા બતાવે, પણ એના પર એણે ગર્વ ન કરવો જોઈએ. કેટલીક રિવાયતોમાં છે કે, હઝરતે અય્યુબ પયગમ્બર જયારે લાંબા વખત સુધી મુસીબતોમાં પીડાતા રહ્યા, ત્યારે એક વાર તેમનાથી બોલાઈ જવાયું કે,'અય ખુદાવંદા! મારા પર આફતની ઝડીઓ વરસી, પણ તે બધા પર મેં સબ્ર કર્યો છે, મારી ઈચ્છાને ઈચ્છા નહિ ગણતા તારી ઈચ્છાને સર્વાંશ આધિન રહ્યો છું.'

આપના મોઢામાંથી એ શબ્દો નીકળતાની સાથે વાદળાનો એક ટુકડો આકાશમાં બરાબર આપના માથા પર આવીને અટકી ગયો અને તેમાંથી હજારો અવાજ ઉઠયા કે,'અય અય્યુબ! તું સબ્ર કરી શકયો, અલ્લાહની ઈચ્છાને આધિન થઈ શકયો એ શકિત, એ ગુણ તને કયાંથી મળ્યા?'

હઝરત અય્યુબ પયગમ્બરે પોતાના માથા પર ખાખ નાખી અને પછી જવાબ આપ્યોઃ 'અય પરવરદિગાર! તારી પાસેથી.'

હઝરત રસૂલેખુદા(સ.)એ એક વાર ફરમાવ્યું કે,'કોઈ પણ વ્યકિત પોતના અમલ કે ઈબાદતથી નજાત નહિં પામે.'

લોકોએ અરજ કરીઃ 'શું આપ પણ નહિં?'

આપે ફરમાવ્યુંઃ 'હું પણ નહિં. નજાત એને જ મળશે જેને અલ્લાહની રહેમત ઘેરી લેશે.'

આ બધી હદીસો, હિકાયતો અને ખુલાસાનો સાર એ છે કે, માણસ ઈલ્મના કારણે પોતાની જાત પર ફખ્ર કરવાને બદલે તેને અલ્લાહની તવફીક અને કરમનું પરિણામ સમજે, તો ઈલ્મના કારણે ઉજ્બ પેદા થતો અટકી જશે.

## કુટુંબ (વંશ)ને કારણે પેદા થતી ખુદપસંદી

હસબ–નસબને પણ આપણે જયાં સુધી મોટી ચીજ ગણતા રહીશું, ત્યાં સુધી એ પણ ઉજ્બનું કારણ બનશે. હસબ–નસબથી પેદા થતા ઉજ્બનો ઈલાજ એ છે કે, આપણે આપણા બાપ–દાદાઓના કમાલના કારણે મળેલા મરતબા પર નાઝ કરવાનું છોડી દઈએ, અને એવી સમજ આપણી અંદર પેદા કરીએ કે, આપ બળે અને જાતી કમાલથી જે ખુબી મેળવી તેજ ખરી ખુબી છે.

ખરૂ પુછો તો આપણા વડવાઓએ મેળવેલી નામના પર ગર્વ એ તો ચોખ્ખી મુર્ખાઈ છે. ખરી ખુબી તો પોતાની અંદર જે કમાલ હોય તેમાં રહેલી છે, નહિં કે બાપ–દાદાઓએ હાસિલ કરેલા કમાલમાં. બાપ–દાદા જવામર્દ હોય તેથી આપણે જવાંમર્દ નથી બની જતા. એટલે બાપ–દાદાની કુલીનતા કે ખૂબી પર નાઝ કરવો એ તો ચોખ્ખી નાદાની છે.

એક ગ્રીક અમીર પુત્રે ગુલામ પર ફખ્ર કર્યો, ગુલામે એને ઘણો સચોટ જવાબ આપ્યો અને કહ્યું: ‘અય અમીર પુત્ર! શું તું તારી અમીરાઈ પર અભિમાન કરે છે? પણ એ અમીરાઈ તો તારા બાપ–દાદાએ મેળવી છે, તે કયા તારા ગુણોથી મેળવી છે? શું તું સારા કપડાં પર અભિમાન કરે છે, તો એ માટે તો કપડાને યશ ઘટે છે, તને નહિં. જાતવંત ઘોડા પર સવાર થઈને આવ્યો, એટલા માટે અભિમાન કરે છે, તો એના માટે તો ઘોડાએ અભિમાન લેવું જોઈએ તારે નહિં.’

આ હિકાયત સ્પષ્ટ રીતે બતાવી આપે છે કેપ હસબ–નસબ (જાત અને કુળ) પર અભિમાન કરવું એ કેટલી હાસ્યાસ્પદ વાત છે.

વળી માણસ પોતાની ખિલ્કત (રચના) પર વિચાર કરશે, તો એને સમજાઈ જશે કે, હસબ–નસબ પર ગર્વ એ મિથ્યાભિમાન છે. માણસનું હસબ–નસબ

માટી છે, જેમાંથી તે સર્જાયો છે અને માટી એક હકીર વસ્તુ છે. ખરૂ પુછો તો માણસની મોટાઈ એની નેક ખસલત અને ખાકસારીમાં રહેલી છે. રંગ–રૂપ, જાત કે નસલમાં નહિં.

કુરઆને શરીફમાં છે કે, તમારામાંના એજ લોકો અલ્લાહની નજરમાં માનવંતા છે કે જેઓ વિશેષતર પરહેઝગારીને આચરે છે.

મક્કા ફતેહ કરાયા બાદ હઝરતે બિલાલે અઝાન આપી, ત્યારે કેટલાક માણસોએ એ વાત પ્રત્યે અણગમો દાખવ્યો, કારણ કે હઝરત બીલાલ મૂળ હબશી ગુલામ હતા. ઉપલી આયત એ લોકોને અનુલક્ષીને નાઝિલ થઈ હતી.

એક વાર જનાબે અબુઝરે હઝરતે રસૂલેખુદા(સ.)ની દેખતા એક માણસને 'ઓ કાળા માણસના પુત્ર!' કહીને પુકાર્યા.

આપે જનાબે અબુઝરનું કરેલી ભૂલ તરફ ઘ્યાન ખેંચવાના આશયથી કહ્યુંઃ 'અય અબુઝર! કાળા માણસના પુત્ર પર ગોરા માણસના પુત્રને કશી જ ફઝીલત નથી.'

જનાબે અબુઝરને પોતાની ભૂલ તરત જ સમજાઈ ગઈ. તેઓ વિના વિલંબે જમીન પર લેટી ગયા અને પેલા માણસને વિનંતી કરી કે, તે એમના ગાલ પર પોતાના પગની એડી અડાડે કે જેથી તેમના નફસની સરકુબી થઈ જાય.

હસબ—નસબ પર અભિમાન ખુદાને કેટલું નાપસંદ છે તેનો એક દાખલો હઝરતે મુસા નબીના સમયની એક હિકાયતમાં મળી રહે છે. હિકાયત આ મુજબ છે કે, હઝરતે મુસા નબીની હાજરીમાં બે માણસો પોતે એક બીજાથી હસબ—નસબમાં ચડિયાતા છે એ વિષય પર આપસમાં તકરાર કરી રહ્યા હતા. તેમાંનો એક જણ પોતે નવ

પેઢીથી કુળવંત હોવાનું જણાવી રહ્યો હતો, ત્યાં તો હઝરતે મુસા નબી પર અલ્લાહની વહી નાઝિલ થઈ કે, ‘અય મુસા! તું એને જણાવી દે કે એના નવેય વડવા જહન્નમી હતા. અને એ દસમો પોતે પણ જહન્નમી જ છે.’

આ છે હસબ–નસબ પર ફખ્ર કરવાની હકીકત. જો એવો ફખ્ર (ઉજ્બ) સારૂં કામ હોત, તો આપણા બુઝુર્ગો જે મહા માન–મરતબાવાળા હતા, તેમણે જરૂર એનું આચરણ કર્યું હોત. એના બદલામાં તેઓએ ખાકસારીને જ પસંદ કરી અને અપનાવી હતી. આપણે પણ જો એમાં રહેલી નાદાની અને બુરાઈને દિલમાં ઉતારીશું, તો જરૂર એનાથી દૂર રહેવાને પ્રેરાશું.

## માલ અને ખૂબસુરતીને કારણે પેદા થતી ખુદપસંદી

હસબ–નસબની જેમ ખુબસુરતી અને ધન દોલત પર અભિમાન કરવું એ પણ મિથ્યા કૃત્ય છે.

બંને વસ્તુઓની વિસાત શી છે કે એના પર અભિમાન કરી શકાય. બંનેય ફાની છે. ખુબસુરતી ગમે તેટલી ચિત્તા કર્ષક હોય પણ જરા ગુમડું થયું, અછબડા નીકળ્યા કે કારમી બિમારી થઈ કે એ નાશ પામી જાય છે, દોલત ગમે તેટલી વિપુલ હોય પણ તેને ઓસરી જતા વાર નહિ લાગે, આગમાં એ બળી જશે, પાણીમાં એ ડુબી જશે. ટુંકમાં એને લય પામતા જરા પણ વાર નહિં લાગે. અઢળક ઘન—દોલત ઘરાવતા માણસો રસ્તે ભીખ માગતા થઈ જવાના અનેક દાખલા રોજ—બરોજ દુનિયામાં બનતા રહે છે.

બંને વસ્તુઓ તત્વહિન છે. ખુબસુરતી તલસ્પર્શી વસ્તુ છે, એની મોહકતા એની ગોઠવણમાં જ રહેલી છે, ગોઠવણ તૂટતા સૌંદર્યનું કામણ પણ વિરમી જાય છે. દોલતની પણ એજ હાલત છે, આજે છે કાલે નથી.

શરીરના સૌંદર્ય પર જ જરા વિચારો. એ શું લોહી, પરૂ, મળ–મૂત્ર, ગંદી ચીજોથી ભરેલા હાડ–માંસના માળખા પર ચઢાવેલા ઓપથી કંઈ વિશેષ છે? દોલત માટે પણ એમ જ સમજો. ઉપરાંત એ કયા રસ્તે આવી અને કેવી રીતે આપણને મળી એના પર જ એના લાભ–હાનિનો આધાર છે, કારણ કે હદીસ શરીફમાં છે કે, કયામતના દિવસે દોલત સબંધી પૂછા થશે કે એ વ્યાજબી રીતે મેળવાઈ છે કે ગેરવાજબી રીતે અને સાચા માર્ગમાં ખર્ચાઈ છે કે ખોટા માર્ગે, એના હકદારોને તેમાંથી હક મળ્યો છે કે નહિં, વળી એના કારણે હજારો દુશ્મન પેદા થવાનો પણ ભય છે.

આ દ્રષ્ટિએ આપણે વિચાર કરીશું, તો જણાઈ આવશે કે દોલત અને બુખસુરતીમાં એક રાહત છે, તો હજાર આફત છે, અને આવી પોકળ, અને આફતકારી વસ્તુઓ ધરાવવા માટે અભિમાન

પેદા થવાને બદલે ખૌફ પેદા થશે. અને તેના પર ઉજ્બ કરવામાં રહેલી મૂર્ખાઈ તરત જ સમજાઈ જશે.

## અક્કલને કારણે પેદા થતી ખુદપસંદી

ઉજ્બ ક્યારેક ઈલ્મ, હસબ–નસબ, ધન–દોલત કે ખુબસુરતી ઉપરાંત અક્કલના કારણે પણ પેદા થાય છે. હકીકતમાં એ અક્કલનું નહિ પણ કમઅકલી કે કુમતિનું પરિણામ છે. અક્કલ, સાચી અક્કલ, માણસમાં નમ્રતા અને નાચીઝપણાનો ભાવ પેદા કરે છે. જયારે કોઈ કમઅકલ માણસને બીજા ન જાણતા હોય એવી વાત–છુપી વાતની જાણ થાય છે ત્યારે તેઓ ખુબ જ ગર્વ કરવા લાગે છે. પણ સાચો દાનિશમંદ જયારે કોઈ મહાસત્યથી પણ પરિચિત થાય છે, ત્યારે તેનામાં ગર્વનો ભાવ પેદા થવાના બદલે ખુદાએ તઆલા પ્રત્યે આભારદર્શન(શુક્ર)ની વૃતિ જાગૃત થાય છે, કારણ કે એ જાણે છે કે, માણસ આપ બળે સત્ય જાણી

કે પામી શકે છે એ વાત જ નાદાની ભરી છે. માણસની બુધ્ધિ ઘણી ટૂંકી છે, ખુદાની તૌફીકનો સાથ મળે તો જ એ સત્યને પામી શકે છે.

## ઉજ્બની હાનિકારક અસરો

ઉજ્બની અસર માણસ પર ઘણી માઠી પડે છે. એ અસરથી પીડાતો માણસ પોતાને મહાજ્ઞાની ગણવા લાગે છે, અને ખુદપસંદીનો માર્ગ ઈખ્તિયાર કરે છે. કોઈનું કહ્યું સાંભળતો કે માનતો નથી, કોઈ કામમાં સલાહ–મશવેરાની જરૂર જોતો નથી. ફાવે તેવી રીતે વર્તે છે. વિતંડાવાદ (ખોટી દલીલબાજી) એનો વ્યવસાય બની જાય છે. અને તે નવા મત–મતાંતરો ઉપજાવવામાં પણ ખુબ રસ લેતો બની જાય છે.

આ ઉજ્બ જ્યારે હદ ઓળંગી જાય છે, ત્યારે એનો ભોગ બનેલો ઈન્સાન મઝહબ કે સમાજના ધોરણો અને નિયમોની પાબંદીને પણ વાહિયાત વાતો

ગણીને તેની અવગણના કરવા કે ઠેકડી કરવા મંડી પડે છે અને કહે છેઃ નમાઝ–રોઝાની શી જરૂર? પરદા–પરહેઝગારીની શી ઉપયોગીતા? આ કરવું ને તે ન કરવું, આ સારૂ અને તે નઠારૂં આવા વિચારો કરીને દિલને શા માટે નકામું બાળવું? જીવન માણવા માટે છે બાળવા માટે નહિં, ખાવું–પીવું અને મોજ ઉડાવવી એમાં જ એની મહત્તા રહેલી છે.

આવા માણસો પોતાને મહાબુધ્ધિશાળી ગણાવે છે અને પોતાને સુધરેલા વિચારના (સીવીલાઈઝ્ડ) કહેવડાવવામાં આનંદ માને છે, પણ હકીકતમાં તેઓ નાદાનીના પંથે ચડેલા ઉજ્બના ભોગ છે, એમની નાદાની એમના વિચાર અને વર્તન પરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

એ તો સર્વમાન્ય હકીકત છે કે, આ સૃષ્ટિના ખાલિક અને માલિક પાક પરવરદિગારે માણસને કુલ મખ્લુક કરતા વધુ શકિતઓ આપી અને ‘અશરફુલ

મખ્લુક' બનાવ્યો. વરસાદ, હવા–પાણી, મોસમોનો ફેરફાર, અનાજ, ફળ–ફૂલ, ટૂંકમાં કહીએ તો સૃષ્ટિની બધી ચીજો તેના આનંદ અને ઉપભોગ માટે સર્જાવી છે. ઘોડો, ગાય, બકરી વગેરે પ્રાણીઓને એની સેવા માટે પેદા કર્યા છે. ખુદ ફરિશ્તાઓ જેવી નૂરાની મખ્લુકને પણ એની સગવડ અને સુખાકારીની કામગીરી પર નિયુકત કરવામાં આવી છે.

શું આ બધી નવાઝિશો આદમ પુત્ર પર એટલા માટે કરવામાં આવી છે કે એ તેનો નિરંકુશપણે ઉપભોગ કરે અને તેના પાસેથી કોઈ પણ કામ લેવામાં ન આવે? એક કમઅક્કલ માણસ પણ કહેશે કે એમ તો ન હોઈ શકે. જેને જેવો દરજ્જો આપવામાં આવે તેવું તેની પાસેથી કામ પણ લેવામાં આવે છે. દેશના રક્ષણ પર સૈનિકો મોકલવામાં આવે ત્યારે એના આનંદ

અને સુખાકારીનો ખુબ જ ખ્યાલ રાખવામાં આવે છે. એને ખપતા સુખ અને મનોરંજનના સાઘનો ગમે તેટલા ખર્ચના ભોગે પણ પૂરા પાડવામાં આવે છે. તેનું કારણ એ છે કે તેની પાસેથી એવી આશા રાખવામાં આવે છે કે એ જિંદગીના ભોગે પણ પોતાના દેશનું રક્ષણ કરવામાં પાછી પાની નહિં કરે.

આ દ્રષ્ટિથી જોતા કહી શકાય કે માણસ પર કરવામાં આવેલી નવાઝિશો પાછળ પણ આવો જ કોઈ હેતુ હશે, અને એ હેતુ જાણવાનો પ્રયત્ન કરતા સમજાઈ જશે કે, ખુદાએ માણસને ઈબાદત માટે પેદા કર્યો છે અને પોતાની તાબેદારી કરવા તથા ઈચ્છા અનુસાર વર્તવાના આશયથી જ તેના પર આ નવાઝિશો કરવામાં આવી છે, અને એ આશય તે પાર પાડી શકે એ માટે જ બુધ્ધિની મહામૂલી શકિત પણ તેને અતા કરવામાં આવી છે.

બુધ્ધિની ખરી ખૂબી તો એમાં રહેલી છે કે એના પ્રમાણિક ઉપયોગથી માણસ સાચા અને ખોટાની પરખ કરી શકે છે. બુધ્ધિની વેધક શકિત સત્ય અને અસત્યને હર હાલતમાં ઓળખી લે છે અને દૂધ–પાણીની જેમ છુટા કરી આપે છે. આથી સત્ય હમેશા બુધ્ધિને આવકારે છે, અસત્ય તેને અવગણે છે. સત્ય ચલણી સિક્કો છે જેને શરાફની પરખનો ભય નથી. અસત્ય ખોટો સિક્કો છે, જેને સ્વીકારનારની અજ્ઞાનતા કે બેદરકારીનો લાભ લઈને વટાવી શકાય છે. સાચો ધર્મ પોતાના અનુયાયીઓને એના અકીદા જાહેર કરવાની અને બુધ્ધિના એરણ પર પરખવાની તેમજ અન્ય ધર્મોના અકીદા સાથે મુકાબલો કરવાની છુટ આપે છે અને અસત્ય ધર્મ બુધ્ધિને વખોડે છે, પોતાના અનુયાયીઓને ધર્મની બાબતમાં બુધ્ધિનો ઉપયોગ કરવાથી વારે છે તેનું કારણ પણ એ જ છે. મઝહબ

પોતાના અનુયાયીઓને, પોતાના અકીદા જાહેર કરવા માટે તાકીદ કરે છે, દરેક અકીદાને સમજદારી પૂર્વક મનન કરવાની ભલામણ કરે છે એ તેના સત્ય હોવાનો પુરાવો છે.

બુધ્ધિ આ હેતુસર તેને મળી છે, એ સમજવામાં આવે તો માણસમાં ઉજ્બ જાગૃત થવાને બદલે આભારવૃતિ (શુક્ર) જાગૃત થશે એમ અમે આગળ કહી ગયા. ખરૂં પુછો તો એ સમજ એને ખુદાની સાચી તાબેદારી કરવાની તૌફીક અપાવશે. અને એ પોતાના જીવન—હેતુને પાર પાડવામાં ફળીભૂત થશે. અને લડાઈમાં જંગ જીતી પાછા ફરેલા સૈનિકની જેમ વધારે માન—ઈકરામનો અધિકારી બની જશે, અથવા અલ્લાહના માર્ગમાં ખપી જઈ નૂરી મરતબાઓને પામશે.

## ૫. પોતાની જાતને હકીર (તુચ્છ) જાણવા વિષે

'તહકીર' એ ઉજ્બથી વિરોધાર્થી ગુણ છે. 'ઉજ્બ'માં પોતાની મહત્તાનું અને 'તહકીર'માં પામરતા (તુચ્છતા)નું ભાન છે. 'ઉજ્બ' નિંદનીય અને 'તહકીર' પ્રશંસનીય ગુણ છે. 'ઉજ્બ' માણસને પતનના પાતાળમાં ધકેલી દે છે. 'તહકીર' ઉચ્ચતાની ટોચે પહોંચાડી દે છે. જે માણસ પોતાને ઝલીલ ગણે છે, ખુદા તેને અઝીઝ (માનવંત) રાખે છે.

વરસાદનું જે બિંદુ પોતાને સમુદ્રના મુકાબલામાં તુચ્છ ગણે છે, છિપના હૃદયમાં સ્થાન પામી બહુ મૂલ્યવાન મોતીનું રૂપ ધારણ કરે છે.

હઝરતે રસૂલેખુદા મોહમ્મદે મુસ્તફા (સ.)એ ફરમાવ્યું છે કે, ઈન્સાન પર બે ફરીશતાઓ મૂકવામાં આવ્યા છે. જયારે માણસ અહંકાર કરે છે,

ત્યારે તેઓ દુઆ કરે છે કે,'અય ખુદા! એને તું નીચું દેખાડ' અને માણસ જયારે ખાકસારી કરે છે ત્યારે અરજ કરે છે કે,'અય ખુદા! એને સરદારી અતા કર.'

રિવાયત છે કે, ખુદાએ તઆલાએ વહી દ્વારા હઝરત મુસા નબીને સવાલ કર્યો કે,'અય મુસા! મારી સાથે વાત કરવાને તમામ મખલુકમાંથી તને શા માટે પસંદ કર્યો એ તું બતાવી શકે છે?'

મુસા નબીએ અરજ ગુજારી કે,'અય મારા ખાલિક અને માલિક! તું જ ફરમાવ કે હું તારી આ મહેરબાનીને લાયક કઈ વાતથી ઠર્યો?'

જવાબ મળ્યો કે,'તારી આજીઝી અને નમ્રતાના કારણે. મારા બધા બંદાઓના જાહેર—બાતિન મેં તપાસ્યા, પણ મને તારા જેવો આજીઝી કરનાર એમાંથી કોઈ જણાયો નહિં, તારી નમાઝમાં મને ખાકસારીની ખુશબુ આવે છે.'

કહેવામાં આવે છે કે,'તુફાને નુહના વખતે ખુદાએ પહાડો પર વહી ઉતારી કે, અમે નુહની કશ્તિ એક પહાડ પર રાખશું.'

બધા પહાડોએ માની લીધું કે, આ મહા માનના અમે જ હકદાર થશું. આથી તેઓએ પોતાના શિખરો ઉંચા કરી દીધા. 'જુદી' એક નાનો એવો પહાડ હતો. એને લાગ્યું કે આ માન મારા જેવી એક શુદ્ર (તુચ્છ) હસ્તીને કયાંથી મળવાનું હતું? આથી એણે પોતાના શિખરને પાણીની સપાટીમાં ઢંકાએલા જ રહેવા દીધા. ખુદાને તેની આ આજીઝી પસંદ આવી ગઈ, નુહ નબીની કશ્તિ એ પહાડ પર જ આવીને સ્થિર થઈ.

માણસ જો ખાકસારીની ખૂબીને સમજતો બની જાય, અને તેને પોતાના જીવનમાં ઉતારે તો માનવ સમાજમાં ખૂબ જ ઉચ્ચ સ્થાન મળશે અને એ ખુદાની એવી અને એટલી

મહેરબાનીઓ પામશે કે પછી અહંકારને તે હમેશા માટે તિલાંજલી આપી દેશે.

**રબ્બના તકબ્બલ મીન્ના ઈન્નક અન્ત સ્સમીઉલ અલીમ**

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીં વ આલે મોહમ્મદ**